પાકા કેદીઓ માટેની બચત યોજના અંગેના પોસ્ટ બચત ખાતામાંથી ઉપાડ કરવાની મર્યાદામાં વધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
## ઠરાવ ક્રમાંકઃજલક/૧૭૨૦૧૯/૧૮૧૬/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૭/૧૨/૨૦૨૧

વંચાણે લીધાઃ

૧. આ વિભાગનો તા.૦૯/૦૪/૧૯૮૪ના ઠરાવ ક્રમાંકઃજેએલકે/૪૮૮૩/૧૭૩૮/જે.

૨. અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૩૦/૦૭/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃહસબ/૧/૧૧૭૭/૨૦૧૯.

૩. અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૦૪/૦૯/૨૦૨૧ના પત્ર ક્રમાંકઃહસબ/૧/૧૫૬૪/૨૦૨૧.

આમુખઃ

રાજ્યની જેલમાં સજા ભોગવી રહેલ કેદીઓ સજા પૂર્ણ થયા બાદ સમાજમાં પુનર્વસન પામી માનભેર જીવન વ્યતિત કરી શકે તે હેતુથી જેલોમાં ચલાવવામાં આવતી તાલીમ સહ ઉત્પાદન પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કેદીઓને માનદવેતન ચૂકવવામાં આવે છે. કેદીઓને ચૂકવવામાં આવતા માનદવેતનની રકમમાંથી ૫૦ ટકા રકમ કેદી પોસ્ટ બચત ખાતામાં જમા કરી શકે અને પોસ્ટ બચત ખાતામાં જમા થયેલ નાણાં જેલમુક્ત થયા બાદ કેદી સમાજમાં પુનર્વસન પામે તે હેતુથી આ વિભાગના સંદર્ભઃ૧માં દર્શાવેલ ઠરાવથી બચત યોજના શરૂ કરવામાં આવેલ હતી. તે મુજબ હાલની પ્રવર્તમાન જોગવાઇ મુજબ ૧૦ વર્ષ કે તેથી વધુ સજા પામેલ કેદીઓને જેલવાસ દરમિયાન ત્રણ વાર બચત ખાતામાંથી ૨૫ ટકા પ્રમાણે દર ત્રણ વર્ષના અંતરે પેરોલ/ફર્લો રજા પર છૂટતી વખતે, સગપણ, માંદગી, શિક્ષણ વગેરે જુદા જુદા કારણોસર ઉપાડ કરવાની જોગવાઇ છે. આકસ્મિક સંજોગો જેવાં કે, દુષ્કાળ અથવા પ્રાકૃતિક અકસ્માત થતી પરિસ્થિતિમાં ૫૦ ટકા સુધીની રકમ ઉપાડ પરત ભરપાઇ કરવાની જોગવાઇ છે. દશ વર્ષ કે તેથી ઓછી સજા ધરાવતા કેદીઓને બચત રકમના ૨૫ ટકા રકમનો ઉપાડ બે વખત સુધી કરવાની જોગવાઇ છે. જ્યારે રાજ્યની જેલોમાં ૧૪ વર્ષ કે તેથી વધુ સમયની સજા ભોગવી રહેલ કેદીઓ તેમના પરિવારની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે બાળકોના અભ્યાસ, પરિવારમાં બીમારીના કારણોસર કે સામાજિક કારણોસર તેઓને નાણાંની જરૂરિયાત ઉભી થાય ત્યારે નાણાંની ઉભી થતી જરૂરિયાત સમયે ૨૫ ટકાથી વધુ રકમનો ઉપાડ કરી શકતા નથી. તેથી પ્રવર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારીને ધ્યાને લઇ, જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી દ્વારા પોસ્ટ બચત ખાતામાંથી ઉપાડ કરવા અંગેની આ વિભાગના સંદર્ભઃ૧માં દર્શાવેલ ઠરાવની જોગવાઇઓમાં સુધારો કરવા નીચે મુજબનો સુધારો સુચવતી દરખાસ્ત જે વિચારણા હેઠળ સંદર્ભઃ(૨) તથા (૩)થી કરવામાં આવેલ છે.

(પાછળ)

ઠરાવઃ

રાજ્યની જેલોમાં સજા ભોગવી રહેલ કેદીઓના કેસમાં પ્રવર્તમાન અમલી બચત યોજના હેઠળ પોસ્ટ બચત ખાતામાંથી વિવિધ કારણોસર કરવામાં આવતી ઉપાડની મર્યાદામાં ઉપર આમુખમાં જણાવેલ સંજોગોમાં આથી નીચે મુજબ સુધારો કરી મંજૂરી આપવામાં આવે છે.

(૧) દસ વર્ષ કે તેથી વધુ સજા પામેલ કેદીઓ જેલવાસ દરમિયાન તેમની બચતના ૨૫ ટકાને સ્થાને ૫૦ ટકા બચત રકમનો ત્રણ વખતને બદલે પાંચ વખત ઉપાડ પેરોલ/ફર્લો રજા પર છૂટતી વખતે, સગપણ, માંદગી, શિક્ષણ, મરણ વગેરે જુદા જુદા કારણોસર કરી શકશે,

(૨) દસ વર્ષથી ઓછી સજાવાળા કેદીઓ જેલવાસ દરમિયાન ૨૫ ટકાને સ્થાને ૫૦ ટકા બચત રકમ જમા રકમના ત્રણ વખત ઉપાડ કરી શકશે.

(૩) ૧૪ વર્ષની સજા પૂર્ણ થયેલ હોય તેવા કેદી પુરેપૂરી બચત રકમ ઉપાડી શકે અથવા તેમની સ્વૈચ્છાએ બચત ખાતામાં જમા રાખી શકે/જમા કરાવી શકે.

(૪) આકસ્મિક કારણોસર ૫૦ ટકા રકમ મંજૂર કરવાની જોગવાઇ છે તેમાં વધારો કરી ૭૫ ટકા રકમ મંજૂર કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કલ્પના રાણા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
- **માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, ગુજરાત રાજય, ગાંધીનગર**
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર,
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
- સર્વે જેલ અધિક્ષકશ્રી, (જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત),
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ,
- શાખા સિલેક્ટ ફાઇલ / નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.